**અમદાવાદના મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.ર માં,મુ.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. ૫૪૪૮૩/૨૦૧૮**

**ફરીયાદી**:– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી:**– મહંમદ ફારુક અબ્દુલ રહેમાન અંસારી.

**<u>આરોપ</u> :–** ધી ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના નિયમ એંસીયેન્ટ મોન્યુમેન્ટ એન્ડ આર્કીર્યોલોજીકલ સાઈટસ એન્ડ રીમેન્સ(એમેન્ડમેન્ડ એન્ડ વેલીડેશન) એકટ–૨૦૧૦ ની કલમ– ૩૦(એ) મુજબ.

**:: <u>ઠ રા વ</u> ::**

(૧) આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ તા: ૧૯/૧૨/૨૦૧૮ પહેલાના કોઈ પણ સમયે સંરક્ષીત ઈમારત (અચ્યુતબીબીજી મસ્જીદ અને મકબરો) થી ૧૦૦ મીટરની હદમાં પુરાતત્વ ખાતાની વગર પરવાનગીએ બાંધકામ કરી ભારતીય પુરાતત્વના કાયદાની અવગણના કરીને આરોપીએ ધી ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના નિયમ એંસીયેન્ટ મોન્યુમેન્ટ એન્ડ આર્કીર્યોલોજીકલ સાઈટસ એન્ડ રીમેન્સ(એમેન્ડમેન્ડ એન્ડ વેલીડેશન) એકટ–૨૦૧૦ ની કલમ– ૩૦(એ) મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી આજ રોજ સ્પે.સીટીંગ અદાલત સમક્ષ ઉપસ્થીત થતા,આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ,આરોપીની ગુના સબબ પ્લી નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપી અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનું છું, પરંતુ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ''સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર'' ૨૦૦૫(૧) જી. એલ. આર. પાના નં.૭૦૯ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતા, આ કામમાં આરોપીને હાલના ગુના સબબની કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીની સામેના ગુનાને લક્ષમાં લેતા સામાન્ય કુટુંબના વાતાવરણમાંથી આવતા હોય, આવા પ્રકારના સંજોગોમાં તેઓની રજુઆતો લક્ષમાં લેતા આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચેનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

**(૧)** આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ ધી ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના નિયમ એંસીયેન્ટ મોન્યુમેન્ટ એન્ડ આર્કીર્યોલોજીકલ સાઈટસ એન્ડ રીમેન્સ(એમેન્ડમેન્ડ એન્ડ વેલીડેશન) એકટ–૨૦૧૦ ની કલમ–૩૦(એ) મુજબના ગુના સબબ તકસીરવાર **ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા** અને **રૂપિયા.૪૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો **દિવસ–૧૫ (પંદર)** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા.૯/૯/૨૦૨૩

(પવનકુમાર એન.નવીન)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.ર ,અમદાવાદ.(કોડ જીજે ૦૦૭૫૮)